## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પોલીસ અંકલ... મને છેલ્લા બે વીકથી તાવ આવે છે... એટલે તમારી મદદની જરૂર છે... મને ડોક્ટરે હોસ્પિટલમાં દાખલ થવાનું કહ્યું છે....!!!

# મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓનું શહેરમાં ૧૭મીએ હલ્લાબોલ

**સરકાર કક્ષાએ વારંવાર લેખિત રજુઆત છતાં પડતર માંગણીઓ નહીં સંતોષાતા કર્મચારીઓનું ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજયમાં મધ્યાહન ભોજન યોજના અન્વયે કામ કરતા અંદાજે એક લાખ જેટલા કર્મચારીઓને છેલ્લા ત્રણ દાયકાથી માત્ર રૂ. ૧૦૦૦ જેટલું સામાન્ય વેતન મળે છે. સરકાર સમક્ષ પોતાના પડતર પ્રશ્નો અંગે અનેકવાર રજુઆતો કરી છે. છતાં સરકાર દ્વારા યોગ્ય નિર્ણય આજ દિન સુધી આવ્યો નથી. મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓ પગાર વધારો, એનજીએ રદ કરવી તેમજ નિવૃત્તિ વય ૫૮ને બદલે ૬૦ કરવા સહિતની રજુઆત કરવા આગામી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે એકઠા થઈને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

રાજય સરકારની મધ્યાહન ભોજન યોજનામાં અંદાજે એક લાખ કર્મચારીઓ કામ કરે છે. જેમાં સંચાલક/રસોઈયા અને મદદનીશનો સમાવેશ થાય છે. સમાજના આર્થિક પછાતપણા નીચે જીવન ગુજારતા કર્મચારીઓ છે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત જ્ઞાતિના નાગરિકો સંકળાયેલા છે. ત્રણ દાયકાથી સામાન્ય વેતન રૂ.૧૦૦૦માં મોટાભાગની મહિલા કર્મચારી બહેનો છે. જેમાં વિધવા, ત્યકતા અને નિરાધાર જેવી મહિલા કર્મચારીઓ છે. અત્યારે હાલના સમયમાં મોંઘવારીએ માઝા મુકી છે. તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબે છે ત્યારે સામાન્ય વેતનમાં ઘરખર્ચ કેવી રીતે કાઢવો તે પ્રશ્ન કર્મચારીઓ માટે મોટો છે. ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા પડતર માંગણીઓને લઈ છેલ્લા અઢી દાયકાથી રાજય સરકારમાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. પરંતુ આજ દિન સુધી એકપણ માંગણી સ્વીકારવામાં આવી નથી તેમ ગુ.રા. મહા મંડળ ગાંધીનગરના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે આગામી તા. ૧૬ સપ્ટેમ્બર સુધીમાં પગાર વધારો આપી કાયમી કરવા, એનજીઓ રદ કરવા બાબત તેમજ નિવૃત્તિ વય મર્યાદા ૫૮ને બદલે ૬૦ કરવી સહિતની પડતર માંગણીઓ મુદ્દે યોગ્ય નિવેડો નહી આવે તો તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ રાજયભરમાંથી હજ્જારો કર્મચારીઓ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચશે. જયારે તા. ૧૭ના રોજ બપોરે ૧ કલાકે ઘ-૦ થી ઘ-૩ રેલીનું પણ આયોજન કરાયું છે. તેમજ પડતર માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરુ રહેશે તેવું મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

- કર્ણાટક રાજયનું નાણાંપંચ ૧૪મીથી રાજ્યના પ્રવાસે આવી રહ્યું છે તે અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીના અધ્યક્ષસ્થાને ૧૫મીએ જીઆઈડીસી ખાતે બાળ મજૂરી નાબુદી અંગેનો એક દિવસીય સેમિનાર યોજવામાં આવેલ છે.
- ગાંધીનગરની સરકારી કોલેજની હોસ્ટેલના રિનોવેશન અંગે વિજ્ઞાન કોલેજના આચાર્યને આજે એન.એસ.યુ.આઈ.એ આવેદનપત્ર આપ્યું છે.
- ગાંધીનગરમાં બકરી ઈદની રજામાં કરાયેલા ફેરફારનો લાભ આજની સી.એલ. મુકીને કર્મચારીઓ ચાર દિવસના મીની વેકેશનને માણતાં આજે કચેરીઓમાં કર્મચારીઓની હાજરી ઓછી જણાતી હતી
- પૂર્વ રાજયમંત્રી ભરત બારોટનો પગ મચકોડાઈ જવા પામ્યો છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે રાજય પંચાયત મંત્રી કવાડિયાની મુલાકાત લીધી હતી.
- આજે રાજયના મુખ્ય સચિવશ્રીએ વિડીયો કોન્ફરન્સમાં લોકાભિમુખ વહીવટ બનાવવા પર વિશેષ ભાર મુક્યો હતો.
- ગાંધીનગર શહેરને સીમાડે આવેલ શંકરસિંહ વાઘેલાના નિવાસ સ્થાને આજે પ્રભારી ગુરુદાસ કામની ઉપસ્થિતિમાં કોંગ્રેસની કોર કમિટીની બેઠક મળી હતી. જેમાં કાર્યકર્તાના અસંતોષ સહિત રાજયની રાજકીય સ્થિતિની સમીક્ષા કરાઈ હતી.

# ગરીબ અનાથ બાળકોનું બેલી બનતુ શિવમ્ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ

**સમાજથી તરછોડાયેલા ગરીબ અનાથ દિકરા દિકરીઓને મફત શિક્ષણ ઉપરાંત રહેવા-જમવા-કપડાં-લત્તા સહિતની તમામ સગવડ કરાય છે : હાલ ૩૮ બાળકો આશ્રય લઈ સારૂ શિક્ષણ મેળવી રહ્યાં છે : સંસ્થાને મદદરૂપ થવા દાતાઓને હાંકલ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં સે. ૨૫માં શિવમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૬ થી એક અનોખો સેવાયજ્ઞ હાથ ધરાયો છે. આ સેવાયજ્ઞમાં ટ્રસ્ટ દ્વારા હાલ ૩૮ અનાથ ગરીબ બાળકોને રહેવા-જમવા-કપડાં-લત્તા સાથે સારી કક્ષાનું શિક્ષણ પણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. આ ઉત્તમ સેવાકાર્યને અનેક દાનવીરોના દાનની સરવાણી મળી રહેવાથી સમગ્ર યજ્ઞને ચલાવવામાં આવી રહ્યો છે.

શિવમ્ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ પીઢડિયા દ્વારા ગરીબ અનાથ દિકરા-દિકરીઓને મફત શિક્ષણ સાથે રહેવા-જમવાની તથા ટ્યુશન ફી ની જરૂરિયાતો પુરી કરવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ માટે તેઓ નાના-મોટા દાનવીરો પાસેથી મદદ મેળવે છે. જેમાં કેટલાક દાનવીરો દિકરા-કે દિકરીને દત્તક લઈ તેનો ખર્ચ ઉપાડે છે. અથવા જીવનના ખુશીના પ્રસંગે જેવા કે જન્મદિન, લગ્ન તિથી, સંતાનોના બર્થડે, પુણ્યતિથી, પ્રમોશન વગેરેએ બાળકોને ભોજનથી માંડીને આજીવન તિથીનો સમાવેશ થાય છે. શિવમ્ ચેરિટેબલ ટ્રસ્ટના આશ્રિત બાળકોને એક ટાઈમ ભોજન કરાવવા માટે રૂ. ૧૫૦૦૦, મિષ્ટાન સાથે રૂ. ૨૫૦૦, આખા દિવસના સાદા ભોજન માટે રૂ. ૨૫૦૦, એક દિવસના ચા-નાસ્તા માટે રૂ. ૫૦૦ અને આજીવન તિથી માટે રૂ. ૧૧૦૦૦નું દાન નિયત કરવામાં આવ્યું છે. આ ટ્રસ્ટને સહાયરૂપ થવા તેના સેક્ટર-૨૫માં સહકાર કોલોનીના પ્લોટ નં. ૧૮ ખાતે આવેલા કાર્યાલયનો સંપર્ક દાતાઓ કરે છે. ટ્રસ્ટને આપવામાં આવતુ દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ જી (૫) હેઠળ કરમુક્ત હોવાથી પણ દાતાઓ દાન આપવા પહેલ કરે છે. સેવાભાવી રાજુભાઈ પીઢડિયાએ શહેરના દાતાઓને આ અનોખા સેવાયજ્ઞમાં શક્તિ મુજબ મદદરૂપ થવા હાંકલ કરી છે.



આદ્ય શકિત માં જગદંબાના ચરણે શીશ ઝુકાવાની નેમ લઈ પદયાત્રાએ નીકળેલા શ્રધ્ધાળુઓની સેવામાં સેવાર્થીઓ દ્વારા પણ મનોભાવનાથી તમામ સુવિધા મળી રહે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. જેમાં ચાલુ વર્ષે ચિલોડા નજીક આવેલા ગિયોડ મંદિર આગળ જ અમદાવાદ વસ્ત્રાલના સેવાર્થીઓએ તડબૂચનો કેમ્પ ઉભો કરી સેવાની ધુણી ધખાવી હતી. ભાદરવાના આકરા તાપમાં પદયાત્રા સ્વરૂપ તપ કરતાં શ્રધ્ધાળુઓને ઠંડા અને તાજા તડબૂચને કાપીને પ્રસાદ તરીકે આગ્રહપુર્વક ખવડાવતા આ સેવાર્થીઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ધોમધખતા તાપમાં ઠંડા તડબૂચ આરોગીને પદયાત્રીઓ પણ તૃપ્તિનો અહેસાસ કરતા હતા. હળહળતા કળિયુગમાં કાળા માથાના માનવીઓના અપકૃત્યો કરતાં સતકાર્યોની વિશેષ નોંધ લેવાઈ રહી છે જે જગતજનની જગદંબાના પરચા સમાન બન્યું છે.

## ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિએ એપોલોની ઘટનાને વખોડી

ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં એપોલો હોસ્પિટલ (ભાટ)માં ડેન્ગ્યુની બિમારીમાં સારવાર માટે દાખલ થયેલી યુવતિ પર આઈસીયુમાં ડૉક્ટર અને સ્વીપરે મળીને દુષ્કર્મ કર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાને ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિત દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢી છે. રાજયની હોસ્પિટલોમાં પણ બહેનો સુરક્ષિત રહી નથી. આ પ્રકારના બનાવો રાજ્યમાં ફરીવાર ન બને અને મહિલાઓને સુરક્ષા મળે તેવી કાર્યવાહી કરવા ગાંધીનગર શહેર-જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિએ રાજ્ય સરકારમાં રજુઆત કરી છે.

# ગાંધીનગરમાં ઈન્ડીયન પબ્લીક સર્વિસ એમ્પલોઈઝ ફેડરેશન દ્વારા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના આંગણે આજરોજ ગુજરાત સ્ટેટ એમ્પલોઈઝ કો-ઓર્ડીનેશન કમિટી, ગાંધીનગરના યજમાન પદે ઈન્ડીયન પબ્લીક સર્વિસ એમ્પલોઈઝ ફેડરેશનનો સેમિનાર યોજાયો હતો. જેમાં ભારતભરના કર્મચારી મંડળોના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા અને કર્મચારીઓને લગતાં વિવિધ મુદાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.તેમા ખાસ કરીને ભારત સરકારના બોર્ડ - નિગમોના કર્મચારીઓને પગારપંચ મુજબ એકસમાન પગાર આપવામાં થતી વિસંગતતાઓ સહિત અનેક સમસ્યાઓ અંગે વિશેષ ચર્ચા સેમીનારમાં કરવામાં આવી હતી.

ભારતભરના કર્મચારીઓ માટે મંચ પુરો પાડતી નવી દિલ્હી સ્થિત સંસ્થા ઈન્ડીયન પબ્લીક સર્વિસ એમ્પલોઈઝ ફેડરેશન દ્વારા તાજેતરમાં દિલ્હી ખાતે કર્મચારીના પગાર પંચના પડતર પ્રશ્નો, કર્મચારીઓની બદલી-બઢતી સંબધી વિવિધ સમસ્યાઓ અને કર્મચારીઓની અનેક માંગણીઓ સંદર્ભે નવી દિલ્હી ખાતે ઉગ્ર રજુઆત કરી અને જંતર મંતર ખાતે એક દિવસનો પ્રતિક ઉપવાસ પણ કરવામાં આવ્યો હતો.




## સાદરાના મેળામાં દૂધાળા પશુઓ માટે શ્રદ્ધા ઝળકી

સાબરમતીના તટ ઉપર આવેલ સાદરા ગામે સુપ્રસિદ્ધ જક્ષણી માતાજીના મંદિરે પરંપરા અનુસાર ભાદરવા માસના દર બીજા રવિવારે યોજાતા મેળાનું આ વર્ષે પણ સુંદર આયોજન થયું હતું. ભક્તો દ્વારા બાધા-માનતા અનુસાર માતાજીને દૂધ અને ઘી ચઢાવવામાં આવ્યુ હતુ. દંતકથાનુસાર માતાજીએ ગાયોના રક્ષણ કાજે કરેલા યુદ્ધ બાદ સાદરા નદી કિનારે પોતાનો દેહત્યાગ કર્યો હતો. આ મંદિર લગભગ દોઢસો વર્ષ પુરાણુ હોવાનુ મનાય છે. લોક માન્યતા અને શ્રદ્ધા મુજબ પશુપાલકો પોતાના પશુના આરોગ્ય અને દૂધાળા બની રહે તેવી બાધા-માનતા રાખીને અહીં માતાજીને દૂધ અને ઘીનો અભિષેક કરે છે તે મુજબ યોજાયેલા આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને શ્રદ્ધાપૂર્વક માતાજીની માનતા પુરી કરી હતી. અપાર પરચાઓથી ભરપૂર આ મંદિરે અનેક લોકો દર્શનાર્થે આવે છે અને ઈચ્છાપૂર્તિના અંતે બાધા-માનતા કરે છે. જક્ષિણી માતાજી મૂળ ધ્રાંગધ્રાના કંકાવટી ગામના રાજા દેવીભક્ત વાઘોજીના પુત્રી હતા તેવું દંત કથાઓમાં વર્ણવાયું છે અને સાદરા ગામ પણ માતાજીના આ મંદિર થકી જગવિખ્યાત બન્યુ છે. જેથી ગ્રામજનો દ્વારા મેળા નિમિત્તે સુંદર વ્યવસ્થા હાથ ધરાય છે.

# શહેરમાં મધુમેહ સર્વાંગી ચિકિત્સા અભિગમ પરિસંવાદ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

મધુમેહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત મધુમેહ સર્વાંગી ચિકિત્સા અભિગમ પરિસંવાદ કાર્યક્રમ આગામી તા. ૧૭ સપ્ટેમ્બરને શનિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકથી સાંજે ૬.૩૦ દરમ્યાન બેન્કવેલ હોલ રાજભવન ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં મધુમેહ નિયંત્રણમાં યોગ અને હોમિયોપેથીક ચિકિત્સાનું મહત્વ વિષય પર જાણીતા નિષ્ણાંતો વક્તવ્ય આપી માર્ગદર્શન પુરૂ પાડશે.

આરોગ્ય ભારતી, આર્યુવેદ વ્યાસપીઠ અને એન.એમ.ઓ. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે પ્રથમ યોગ દિવસની ઉજવણી નિમિત્તે આરોગ્ય ભારતી સંસ્થા દ્વારા મધુમેહ મુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ ગત વર્ષે સમગ્ર રાજ્યમાં ૧૦૦થી વધુ મધુમેહ મુક્ત ભારતની નિઃશુલ્ક યોગશિબિર યોજાઈ હતી. આ અભિયાન બીજા ચરણમાં છે. ત્યારે મધુમેહ સંબંધી જાગૃતતા લાવવા તેમજ મધુમેહ નિયંત્રણ માટે ૧૦૦થી વધુ પરિસંવાદ ૧ વર્ષમાં સમગ્ર રાજ્યમાં યોજાય તે અંગેનું લક્ષ્યાંક છે. ત્યારે પ્રથમ પરિસંવાદ ગાંધીનગર શહેરના રાજભવનના બેન્કવેટ હોલ ખાતે આગામી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ કલાકે યોજાશે. જેમાં મધુમેહના લક્ષણ અને નિદાન વિષય પર ડૉ. પ્રકાશભાઈ કુર્મી (એન.એમ.ઓ. અધ્યક્ષ), મધુમેહ નિયંત્રણમાં હોમિયોપેથીકનું મહત્વ વિષય પર ડૉ. ભાસ્કરભાઈ ભટ્ટ (ડી.એચ.એમ.એસ.), જયારે મધુમેહ નિયંત્રણમાં યોગ ચિકિત્સકનું મહત્વ વિષય પર ડૉ. વિક્રમાઈ ઉપાધ્યાય (યોગ ચિકિત્સા વિશેષજ્ઞ) વક્તવ્ય આપી માર્ગદર્શન પુરૂ પાડશે.






ગણેશ ઉત્સવની સામાન્ય નાગરિકો જ નહી પરંતુ વિવિધ કોર્પોરેટ કંપનીઓ, વેપારી એકમો તેમજ ઈન્સ્ટીટયુટસ દ્વારા પણ ઉજવણી કરવામાં આવે છે. વેબ ડીઝાઈનીંગ, એનિમેશન અને વીએફએકસ ક્ષેત્રે કાર્યરત અરેના એનિમેશન નારણપુરાના વિદ્યાર્થીઓ દ્વારા રવિવારે ગણેશજીની થીમ આધારિત એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મૂળભૂત વિચાર ઈકો ફ્રેન્ડલી અને ક્રિએટીવ ગણેશજીને પ્રદર્શિત કરી તેમની કલા સમજને સુશોભિત કરવાનો હતો. આ પ્રદર્શનમાં આર્ટ અને ક્રાફ્ટ, ગ્રાફિક, પેઈન્ટિંગ, સ્કેચિંગ, કલે મોડલીંગ, ૨ડી એનિમેશન, ૩ડી એનિમેશન, મોશન ગ્રાફિક્સ વગેરેનો ઉપયોગ કરાયો હતો. આ પ્રદર્શનની આશરે ૫૦૦ જેટલી વ્યકિતઓએ મુલાકાત લીધી હતી.

# ચિલોડા સર્કલ પાસેથી દબાણ અને ગંદકી દૂર કરાયા

## સાદરા માર્ગ પરથી મીની શાકભાજી માર્કેટ તેમજ પાથરણા ધારકોને ખસેડવામાં આવ્યા

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા ચાર રસ્તા પર દબાણકારોનો રાફડો ફાટ્યો હતો. લારી-ગલ્લા તેમજ પાથરણાવાળાઓ દબાણ કરીને ગંદકી ફેલાવતા ચિલોડાના ગ્રામવાસીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. દબાણ અને ગંદકીની સમસ્યા વચ્ચે ચિલોડાવાસીઓ રહેવા મજબુર બન્યા છે. ત્યારે ચિલોડામાં ટ્રાફિક નિયમન અને ગંદકીના મુદ્દે ગ્રામલોકોએ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી હોવા છતાં પરિણામ આવ્યું નથી. જેથી ચિલોડાવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

ચિલોડા વિસ્તારોમાં ગંદકી અને ગેરકાયદેસર દબાણો માથાના દુઃખાવા સમાન બની ગયા છે. આ સમસ્યાઓને લઈ નાગરીકોએ અનેકવાર તંત્ર સમક્ષ ફરીયાદ કરી છે. જ્યારે ચિલોડાથી ગાંધીનગર તેમજ સાદરા તરફ જતા માર્ગ પર મીની શાકભાજી બજાર અને પાથરણાવાળા અને લારી ગલ્લા ધારકોએ અડીંગો જમાવ્યો હતો. ત્યારે જેસીબી મશીન દ્વારા દબાણ અને ગંદકી દૂર કરવાની કામગીરી તંત્રએ કરી છે. આ કામગીરીને પગલે દબાણકારોમાં કકળાટ વ્યાપી જવા પામ્યો છે. દબાણકારોને રોડ પરથી દૂર ખસેડાતા નારાજગી વ્યાપી ગઈ હતી. ચિલોડા ચાર રસ્તાની ચારેકોર માર્ગ પરના દબાણો દૂર થાય તેવુ નાગરીકો ઈચ્છી રહ્યા છે. જેથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. તેનો પણ નિવેડો આવશે.





**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**

**જાહેર નિવિદા નં. ૬/૨૦૧૬-૨૦૧૭નો સુધારો-૧**

દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૩/૯/૨૦૧૬ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉન લોડ કરવાની તારીખ | ૧૩/૯/૨૦૧૬થી ૧૯/૯/૨૦૧૬ |
| બાનાની રકમ, ટેન્ડર ફી, સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૨૦/૯/૨૦૧૬ |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ<br>પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૨૦/૯/૨૦૧૬<br>૨૦/૯/૨૦૧૬ |

વિગવાત નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૯૦/૨૦૧૬